જનપથ

# સમાચાર સંકલન

પરીવર્તનનો પંથ કંડારવા મથતી સંસ્થાઓ અને કર્મશીલોનું સ્વૈચ્છીક સંગઠન એપ્રીલ-મે-જુન ૨૦૦૭

**અંદરના પાને...**


- વાડીયાના સરાણીયાનો જીવન સંઘર્ષ
- 'વીચરતા સમુદાય સમર્થન મંચ' દ્વારા વીચરતા સમુદાયના બાળકોને શાળામાં દાખલ કરવા ઝુંબેશ હાથ ધરાઈ
- ગુજરાતના વીકાસની સમસ્યાઓ અને સંભાવનાઓ અંગેનો દસ્તાવેજ "એજન્ડા ફોર ગુજરાત" અંતર્ગત વીવીધ જીલ્લામાં બેઠકો યોજાઈ
- 'અમેરીકન પબ્લીક હેલ્થ એસોસીએશન'ના વ્યવસાયીક આરોગ્ય અને સલામતી વીભાગ દ્વારા અપાતા આંતરરાષ્ટ્રીય એવોર્ડથી પી.ટી.આર.સી.ના શ્રી જગદીશભાઈને સન્માનીત કરાશે.
- સંક્ષીપ્ત સમાચાર ....
- સમાચાર સંકલનના વાચક મીત્રો જોગ...



**જનપથ**

બી-૩, સહજાનંદ ટાવર,
જીવરાજ પાર્ક ચાર રસ્તા,
અમદાવાદ - ૩૮૦ ૦૫૧
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩


'વીચરતા સમુદાય સમર્થન મંચ'ના નેજા હેઠળ ગુજરાતના સ્થાપના દીનની પુર્વસંધ્યાએ

## વીચરતા સમુદાયો દ્વારા કલ્ચરલ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ યોજાયો

ભારતની કુલ વસતી પૈકીની છ ટકા વીચરતા અને વીમુક્ત સમુદાયોની છે. આ સમુદાયોની વધુ વસતી રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે. આ રાજ્યોની કુલ વસતીમાં વીચરતા વીમુક્ત સમુદાયોની ૮ થી ૧૦ ટકા છે. ગુજરાતમાં તેમની અંદાજીત વસતી ૪૫ થી ૫૦ લાખ છે. વીશાળ જનસંખ્યા ધરાવતા આ સમુદાયોની વસતી ગણતરીના ચોક્કસ આંકડા દેશના એક પણ રાજ્ય પાસે ઉપલબ્ધ નથી. આયોજનબદ્ધ વીકાસનું છેલ્લું એકમ ગામડું છે. ગામની બહાર સીમમાં રહેતા આ સમુદાયો આયોજન અને વીકાસનો




ભાગ બની શક્યા નથી. ગુજરાતની વસતી ગણતરીમાં પણ આમાંના મોટાભાગનાનો સમાવેશ થતો નથી. ૧ લી મે ૨૦૦૭ના રોજ ગુજરાતની સ્થાપના થયાને ૪૭ વર્ષ પુરા થયા છે. આ વર્ષોમાં આ સમુદાયોની પરીસ્થીતી વધુને વધુ કથળી છે. જે પરંપરાગત વ્યવસાય થકી તેઓ નભતાં તે પડી ભાંગ્યા છે. આજીવીકાનો અન્ય આધારે તેમની પાસે નથી. આ સમુદાયોના ઉત્કર્ષ માટે ૧૯૯૦ થી 'વીકસતી જાતી કલ્યાણ ખાતુ' કાર્યરત છે. છતાં આજે પણ વીચરતા-વીમુક્ત સમુદાયના ૫૦% ઉપરાંત લોકો પાસે ભારતના નાગરીક કહી શકાય તેવી કોઈ ઓળખ નથી. નથી ગામમાં ઘર કે સીમમાં ખેતર. કેન્દ્ર સરકારે આ સમુદાયોની પરીસ્થીતીને ધ્યાને લઈ રાષ્ટ્રીય પંચની રચના કરી પરંતુ, પંચે ૧૧ મી પંચવર્ષીય યોજનામાં આ સમુદાયો માટે અલગથી બજેટ ફળવાય તે માટે આયોજન પંચને આપવાનો અહેવાલ સુપ્રત કર્યો નહીં પરીણામે પંચવર્ષીય યોજનામાં તેમની માટે બજેટ ફળવાવાની આશા ઉપર પાણી ફરી વળ્યું. દેશભરમાં પંચ સામે વીરોધનો સુર ઉઠ્યો. ઠેકઠેકાણેથી વડાપ્રધાન તથા કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધીને રજુઆત કરવામાં આવી. કેન્દ્ર સરકારે ૩૧

મે ૨૦૦૭ પહેલાં પંચ દ્વારા અહેવાલ સુપ્રત થાય તો પાંચ વર્ષના છેલ્લાં ચાર વર્ષ માટે બજેટ ફાળવવાની તૈયારી દર્શાવી.

રાજ્ય સરકારની પણ આ સમુદાય માટે જવાબદારી છે. જે યાદ અપાવવા તથા પંચની નીષ્ક્રીયતાનો વીરોધ કરવા અને ઝડપથી અહેવાલ આયોજન પંચને સુપ્રત થાય તે ઉદ્દેશ્યથી ગુજરાતમાં વસતા ૪૦ વીચરતા અને વીમુક્ત સમુદાયોએ શરણાઈ, ઢોલ, ભુંગળ, બીન, રાવણહથ્થો વગેરે જેવા પરંપરાગત વાદ્યો થકી ચોઘડીયા વાદનનો કાર્યક્રમ તા. ૩૦ એપ્રીલ ૨૦૦૭ના બપોરના ૧૨.૦૦ વાગ્યાથી લઈ ૧લી મે ૨૦૦૭ના બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી સત્યાગ્રહ આશ્રમ, કોચરબ - પાલડી, અમદાવાદ મુકામે 'વીચરતા સમુદાય સમર્થન મંચ'ના નેજા હેઠળ આયોજીત કર્યો હતો.

આ કાર્યક્રમમાં સમુદાયના પ્રતીનીધીઓએ તથા સ્વૈચ્છીક સંગઠનોના સાથીઓ મળીને ૩૦૦ ઉપરાંત લોકોએ ભાગ લીધો હતો.

**વીચરતા-વીમુક્ત અને અર્ધભટકતા સમુદાયોના રાષ્ટ્રીય પંચ અંગે**

દેશભરમાં વીચરતા અને વીમુક્ત સમુદાયોની વસતી આઠથી દસ કરોડ છે. કેન્દ્ર સરકારે આ સમુદાયોની સામાજીક સુરક્ષા અને તેમના ઉત્કર્ષ માટે ચીંતા કરી, વર્ષ ૨૦૦૬માં વીચરતી-વીમુક્ત અને અર્ધભટકતી જાતીઓ માટે રાષ્ટ્રીય પંચની રચના કરી. આ પંચના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્રના વીચરતા-વીમુક્ત સમુદાયોની સામાજીક ચળવળ સાથે જોડાયેલા શ્રી બાલકૃષ્ણ રેંકે છે. ગુજરાતના શ્રી લક્ષ્મણભાઈ પટણીની વરણી આ પંચમાં સભ્ય તરીકે થઈ છે. પંચને દેશમાં વસતા વીચરતા-વીમુક્ત અને અર્ધ વીચરતા સમુદાયોને ઓળખી તેમની પ્રવર્તમાન પરીસ્થીતીનું આકલન કરી તેમના ઉત્કર્ષ માટે કરવા જેવા કામો તથા યોજનાઓ સુચવવાનું તથા આ સમુદાયોને સામાજીક સુરક્ષા પ્રદાન થાય તેમનો વીકાસ થાય અને દેશના નાગરીક તરીકે ગૌરવપ્રદ જીવન જીવી શકે તે માટે એક કાયદો ઘડવા જરુરી સુચનો કરવાની જવાબદારી સોંપી હતી. આ પંચે તેનો અહેવાલ ફેબ્રુઆરી ૨૦૦૭માં કેન્દ્ર સરકારને સુપ્રત કરવાનો હતો પરંતુ, સમયસર કામ પુરું ન થતા સરકારે તેમની સમયાવધી લંબાવી છે.

પંચની કામ કરવાની ક્ષમતા અને મર્યાદાઓને ધ્યાનમાં લઈ માન્ય વડાપ્રધાનશ્રીએ શ્રી ગણેશ દેવીના અધ્યક્ષ સ્થાને 'ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપ' (ટી.એ.જી.)ની રચના કરી. ટી.એ.જી.એ પોતાનો અહેવાલ તૈયાર કરી પંચને ઓગષ્ટ ૨૦૦૬માં સુપ્રત કર્યો છે. પંચ દ્વારા આ અહેવાલને આખરી કે વચગાળાના અહેવાલ તરીકે સ્વીકારી 'સામાજીક ન્યાય અને અધીકારીતા વીભાગ'ને સુપ્રત કરવાનો હતો. જે માર્ચ ૨૦૦૭ સુધીમાં સુપ્રત થયો નથી. આ કારણોસર મંત્રાલયની અને આયોજન પંચની વીચરતા-વીમુક્ત અને અર્ધ ભટકતા સમુદાયો માટે ૧૧મી પંચવર્ષીય યોજનામાં નાણાં ફાળવવાની તૈયારી હોવા છતાં નાણાંકીય જોગવાઈ થઈ શકી નથી. તા. ૧૯-૩-૨૦૦૭ના રોજ 'આયોજનપંચ' અને 'સામાજીક ન્યાય અને અધીકારીતા વીભાગ'ની મુલાકાત લેતાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, "૧૧મી પંચવર્ષીય યોજનાનું પહેલું વર્ષ એટલેકે વર્ષ ૨૦૦૭-૦૮ માટે હવે કોઈ જોગવાઈ કરવી શક્ય બનતી નથી. પરંતુ, વીચરતા અને વીમુક્ત સમુદાયના રાષ્ટ્રીય પંચ દ્વારા મે ૨૦૦૭ સુધીમાં જો વીધીસર તેનો અહેવાલ મંત્રાલયને સુપ્રત કરવામાં આવે તો ૧૧મી પંચવર્ષીય યોજનાના બાકીના ચાર વર્ષ માટે આશરે ૩૦૦૦ થી ૩૫૦૦ કરોડ રુપીયા ફાળવવાની કેન્દ્ર સરકારની તૈયારી છે. આ પરીસ્થીતીમાં વીચરતા અને વીમુક્ત સમુદાયના પંચના અધ્યક્ષશ્રીની નીષ્ક્રીયતા તથા પંચના સભ્ય તેવાં શ્રી લક્ષ્મણભાઈ પટણી દ્વારા કોઈ અસરકારક પગલાં ન લેવાના કારણે દેશભરના ૮ થી ૧૦ કરોડ વીચરતા-વીમુક્ત સમુદાયોને નુકશાન થયું છે. વડાપ્રધાનશ્રીનું કાર્યાલય, 'સામાજીક ન્યાય અને અધીકારીતા વીભાગ' તથા 'આયોજન પંચ'ની તૈયારી હોવા છતાં પંચની બેદરકારીના કારણે આ પરીસ્થીતીનું નીર્માણ થયું છે. આથી આ બાબતે ત્વરીત પગલાં લેવાય અને ૧૧મી પંચવર્ષીય યોજનારુપી સુવર્ણતક હાથમાંથી સરકી ન જાય તે માટે વાદવીવાદમાં પડવાને બદલે 'ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપ'ના અહેવાલ/સુચનોને વચગાળાના અહેવાલ તરીકે સ્વીકારી તેમાં સુચવેલી યોજનાઓ અન્વયે બાકીના ચાર વર્ષ માટે નાણાંકીય સંસાધનો ફળવાય તે માટે દબાણ લાવવું આવશ્યક છે." જે માટે આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. દેશભરમાં પંચની નીષ્ક્રીયતા સામે કાર્યક્રમો યોજાયા જેના લીધે એક દબાણ ઉભુ થયું અને પંચે આયોજન પંચને અહેવાલ સુપ્રત કર્યો.

**'રાજ્ય સરકાર દ્વારા વીચરતા સમુદાયો માટે ફળવાતુ બજેટ પાશેરામાં પુણી જેટલું'**

સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર તથા અમદાવાદમાં આ સમુદાયોની વસતી વધુ છે. માહીતી અધીકારના કાયદા હેઠળ આ છ જીલ્લામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૧ થી લઈ ૨૦૦૬ સુધીમાં વીવીધ યોજના હેઠળ ફળવાયેલું તથા ખર્ચાયેલું બજેટ, લાભાર્થીની યાદી સાથે માંગ્યું. માહીતી જોતા ૪૦ માંથી ખુબ ઓછા સમુદાય સુધી સરકાર પહોંચી છે. બજેટ પણ પાશેરામાં પુણી જેટલું છે. ૫૦ લાખ લોકોની ગરીબીની મજાક થતી હોય તેવું માહીતી જોતા લાગે છે.

કેટલીક વીગત નીચે મુજબ છે.

- ૪૦માંથી ૧૯ સમુદાયો પાસે સરકારની આછી-પાતળી મદદ પહોંચી છે. જ્યારે બાકીના ૨૧ સમુદાય સુધી સરકાર પહોંચી શકી નથી.
- ૨૦૦૧ થી ૨૦૦૬ સુધીમાં કુલ ૮૨૬ મકાન 'પંડીત દીનદયાળ આવાસ યોજના' અંતર્ગત ઉપરોક્ત છ જીલ્લામાં ૧૩ સમુદાયના પરીવારોને બાંધી આપ્યા છે.
- છ વર્ષમાં ઉદ્યોગ-ધંધો શરુ કરવા માટે ૧૪ સમુદાયના કુલ ૬૪૮ વ્યક્તીઓને 'માનવ ગરીમા યોજના' અંતર્ગત રુા. ૩૦૦૦ની મદદ કરવામાં આવી છે.
- ટી.બી., કેન્સર, રક્તપીત, પાંડુરોગ તેમજ પ્રસુતા બહેનોને ૧૫૦ થી લઈ ૫૦૦ રુા. સુધીની મદદ 'તબીબી સહાય' હેઠળ કરવામાં આવી છે. છ વર્ષમાં ઉપરોક્ત છ જીલ્લામાં કુલ ૬૮૮ વ્યક્તીઓને આ યોજના અંતર્ગત સહાય ચુકવવામાં આવી.

રાજ્ય સરકારના આ કાર્યને 'મંચ' આવકારે છે. પરંતુ, આટલાથી સંતોષ માની ન શકાય. વાઈબ્રન્ટ ગુજરાતમાં આ સમુદાયોને ગૌરવપુર્ણ જીવન મળે તે દીશામાં નક્કર આયોજન અને પગલાં લેવા કાર્યક્રમમાં ઉપસ્થીત સમુદાયના પ્રતીનીધીઓએ તથા સ્વૈચ્છીક સંગઠનોના સાથીઓએ એક સુરે જણાવ્યું હતું.

# વાડીયાના સરાણીયાનો જીવન સંઘર્ષ

બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના વડાગામ-વાડીયામાં સરાણીયાના ૧૫૦ પરીવારો વસે છે. સરાણીયાનો મુળ વ્યવસાય છરી-ચપ્પાંની ધાર કાઢવાનો તથા ખેડુતોને ખેતી કામ માટે જરુરી બળદની લે-વેચ કરવાનો. મુળ રાજસ્થાનના વતની સરાણીયા ગાડામાં માલસામાન લાદી ગામે ગામ ફરતા. ગુજરાતમાં વસતા મોટાભાગના સરાણીયા આજે પણ પરંપરાગત વ્યવસાયમાંથી આજીવીકા મેળવવા મથી રહ્યા છે, પરંતુ વાડીયામાં વસતા સરાણીયા પરીવારો અપવાદ છે. હાલમાં વાડીયામાં વસતી સરાણીયા સમુદાયની બહેનો કુટુંબના ભરણ પોષણ માટે પોતાનું શરીર વેચે છે.

સાઠ વર્ષ પહેલાં આ સરાણીયા પોતાના પરંપરાગત ધંધા અર્થે ગામેગામ ફરતા, થરાદ તાલુકામાં આવેલા બુઢણપુરા ગામમાં આ સરાણીયા ચોમાસું ગાળતા. ઘણા સરાણીયા પરીવારો બુઢણપુરામાં માલીકીની જમીન ઉપર વસવાટ કરતા. બુઢણપુરા રાજસ્થાન તરફ જતા મુખ્ય માર્ગ પાસે આવેલું છે. સરાણીયાના મુળ વ્યવસાયમાં મળતર ખાસ મળતુ નહોતું. થરાદ સુકો વીસ્તાર, મોટાભાગે દુષ્કાળ પ્રભાવીત. આ પરીસ્થીતીમાં બારેમાસ મજુરી મળવી શક્ય નથી, અને તેથી બળદની લે-વેચનો ધંધો પણ ચાલે નહીં. પરીણામે બુધનપુરામાં ચોમાસુ ગાળતા સરાણીયા પરીવારોને બે ટંકનો રોટલો મળવો મુશ્કેલ થયો. **ના છુટકે સરાણીયા બહેનોએ અસ્તીત્વ ટકાવવા, મુખ્ય માર્ગ પરથી પસાર થતા વાહનોના ચાલકોને પોતાનું શરીર વેચવાનું શરુ કર્યું. મોટાભાગના માતા-પીતાને મજબુરીથી પોતાની દીકરીઓને આ વ્યવસાયમાં ધકેલવી પડી. બુધનપુરાના સરાણીયાના આજીવીકાના કપરા સંઘર્ષથી સૌ પરીચીત છે.** અખબારોમાં પણ આ વીષે ઘણુ લખાયું. થરાદમાં વસતા સ્વાતંત્ર સેનાની શ્રી બાપુભાઈ કીલુભાઈ પટેલે આ સરાણીયા પરીવારોના ઉત્કર્ષ અર્થે વીચારવાનું શરુ કર્યું. આ કામમાં તેમણે મુંબઈના શ્રી જી.જી. મહેતા તથા સુશ્રી વીમળાબહેનને જોડ્યા. શ્રી બાપુભાઈ,શ્રી જી.જી મહેતા તથા સુશ્રી વીમળાબહેને સરાણીયાનું યોગ્ય પુનઃવસન ન થાય ત્યાં સુધી ઉપવાસ આદર્યા. આઠ દીવસ પછી રાજ્ય સરકાર ઝુકી અને ૧૯૬૨માં તેમને બુધનપુરાથી ૧૫ કી.મી. દુર આવેલા વડાગામ પાસેથી ૨ કી.મી. દુર વીડમાં રહેવા તથા ખેતી માટે ૨૦૮ એકર જમીન ફાળવી.

**થરાદ સુકો વીસ્તાર, સક્ષમ ખેડુત પાતાળકુવાની સીંચાઈ કરી ખેતી કરે. પરંતુ, ગરીબોને તો વરસાદી ખેતી ઉપર જ આધાર રાખવાનો. વીડમાં વસાવેલા સરાણીયાના વીસ્તારને વડાગામના વાડીયા તરીકે ઓળખાવાનું શરુ થયું. ૨૦૫ એકર જમીન ઉપર ૧૫૦ પરીવાર નભી શકે તેમ નહોતું. ખેતમજુરી પણ વર્ષમાં માંડ ૧૦ દીવસ મળે. વળી સરાણીયાની છાપ ખરાબ એટલે કોઈ મજુરી માટે પણ ન બોલાવે. મજબુરીથી સરાણીયા બહેનોએ ફરીથી શરીર વેચવાનું શરુ કર્યું.**

વાડીયાના સરાણીયાનો જીવનસંઘર્ષ દીવસે-દીવસે વધુને વધુ કપરો થતો ગયો. દીકરી પંદર વર્ષની થાય એટલે માતા પીતા કે ભાઈ જ તેને લોહીના વ્યાપારમાં ધકેલી દે. આજે પણ વાડીયાની ૧૨૩ જેટલી બહેનો આ વ્યવસાય સાથે જોડાયેલી છે. (સરાણીયામાં છોકરા-છોકરી પાંચ-સાત વર્ષના થાય એટલે સગાઈ થઈ જાય. જે છોકરીની સગાઈ આ ઉંમરમાં ન થાય તે દેહ વ્યાપારના વ્યવસાયમાં જોડાશે તેવું સૌ માની લે છે.) જે બહેન આ વ્યવસાય સાથે સંકળાય તેના લગ્ન થતા નથી. પરંતુ, બાળકો થાય છે. શરુઆતમાં આ બાળકો સાથે કોઈ લગ્ન કરતું નહોતું પણ સમય જતા સામ-સાટે લગ્ન થવા લાગ્યા. જે ભાઈને બહેન ન હોય તેના લગ્ન થવા મુશ્કેલ છે. આ યુવાનો બીજી જ્ઞાતીની કન્યા તગડી રકમ વ્યાજે લાવી અમદાવાદ જેવા શહેરોમાંથી કન્યા વીક્રય કરનારા દલાલો પાસેથી ખરીદે છે. જે આજે પણ ચાલુ છે.

દેહ વ્યાપારના વ્યવસાયમાં જોડાયેલી બહેન પરીવાર સાથે રહે છે. સમય જતા તે પરીવારથી અલગ પોતાનું ઝુંપડું ઉભુ કરી રહેવાનું શરુ કરે છે અને પોતાનું તથા બાળકોનું પેટ પાળે છે. બહેનની ઉંમર થતા તેની દીકરીઓ તેનું ભરણપોષણ કરે છે. આમ આ વીષચક્ર ચાલ્યા કરે છે.

વાડીયામાં રાત-દીવસ ખાનગી વાહનો આવતા. ઉપરાંત ઘણી બહેનો થરાદ, પાલનપુર, ડીસા, માઉન્ટઆબુ તથા સ્થાનીકમાં થરાદના દલાલો મારફત જતી, જે આજે પણ ચાલુ છે. વાડીયા ગામમાં છેલ્લાં ત્રણેક વર્ષથી **પાલનપુર સ્થીત 'વનીતા શીશુ વીહાર' સંસ્થાએ ભરતગુંથણ તથા હીરા ઘસવાની તાલીમ આપવાનું તથા એચ.આઈ.વી. સંદર્ભે માર્ગદર્શન આપવાનું કામ શરુ કર્યું છે. સંસ્થામાં કામ કરતા શારદાબહેન ભાટી વાડીયામાં નીયમીત જાય છે. તેમના જવાથી આજે વાડીયામાં આવતા વાહનોની સંખ્યા ખુબ ઓછી થઈ છે. ઘણી બહેનોએ આ વ્યવસાય છોડ્યો છે. ૩૦ જેટલી બહેનો ફક્ત એક પુરુષ સાથે સંબંધ રાખતી થઈ છે છતાં આજે પણ ૧૨૩ જેટલી બહેનો આ વ્યવસાય સાથે જોડાયેલી છે તે હકીકત છે.તેઆમાંની ઘણી આ વ્યવસાય છોડવા ઈચ્છે છે પરંતુ, વૈકલ્પીક રોજગાર ન મળવાના કારણે મજબુરીથી આ વ્યવસાયમાં જોડાઈ રહેવું પડે છે. વાડીયાના સુશ્રી ભીખીબહેન આ અંગે જણાવે છે કે, "આવી જીંદગી અમને પણ ગમતી નથી. આજુ બાજુના ગામના લોકો અમને મજુરી માટે બોલાવતા નથી કોઈક બોલાવે તો મજુરીયે જઈયે છીયે પણ લોકો ખરાબ નજરથી જુવે છે.ગામના યુવાનો થરાદ કે આસપાસના ગામમાં જાય તો પુરુષો તારી બહેનનો ભાવ શુ? તેવું પુછે છે.કંટાળી છોકરાઓએ બહાર જવાનુ બંધ કરી દીધુ."**

૧૯૯૯માં ગુજરાત રાજયના આરોગ્ય મંત્રી શ્રી અશોક ભટ્ટે વાડીયામાં આયોજીત 'નવ સંસ્કાર યજ્ઞ'માં હાજરી આપી હતી. આ સમયે વાડીયાની જમીનમાં સીંચાઈ માટેના બે બોરવેલ બનાવવામાં આવ્યા હતા. જે થોડો સમય ચાલ્યા પછી બંધ થઈ ગયા. બોરવેલની મરમ્મત માટે વાડીયા વાસીઓએ અવારનવાર જવાબદાર તંત્રને રજુઆત કરી છતાં આજ સુધી બોરવેલ બંધ હાલતમાં જ છે.૯૯માં અશોકભટ્ટે યજ્ઞમાં ઉપસ્થીત બહેનોને આ વ્યવસાય છોડવા માટે જરુરી મદદનું વચન આપ્યું હતું. બહેનોએ તેમની પાસે ધંધો રોજગાર આપવા અનુરોધ કર્યો હતો. યજ્ઞ પછીના છ મહીના સુધી એક પણ બહેન દેહ વ્યાપાર અર્થે ગામ બહાર ગઈ નહોતી કે નથી ગામમાં કોઈને આવવા દીધા પરંતુ, છ મહીનાની રાહ જોયા પછી પણ રોજગાર આપવાની દીશામાં કશુ થયું

નહીં. ઘરમાં ધાન ખુટ્યું. મજુરી માટે કોઈ બોલાવે નહીં. મજુરીએ જાય તોય સૌ મજાક કરે. આમ ના છુટકે બહેનો ફરી આ વ્યવસાયમાં જોડાઈ.

'વનીતા શીશુ વીહાર'ના પ્રયત્નથી બહેનો સંગઠીત થઈ. ઘણી બહેનોએ દેહ વ્યાપારનો વ્યવસાય છોડ્યો. સંસ્થાના શારદા બહેનને દલાલો મારફત વાડીયા છોડવા માટે લાલચ તથા ધમકી પણ મળે. આજે વાડીયા વાસીઓના વ્યવહારમાં ખાસો બદલાવ આવ્યો છે. સંસ્થાની કામગીરી આ નવેમ્બર મહીનામાં પુરી થશે. અનીચ્છાએ શારદા બહેનને વાડીયા છોડી જવું પડશે. વાડીયાની સ્થીતી અંગે જણાવતા શારદા બહેનના કહ્યુ કે, ''પ્રેમથી માણસને જીતી શકાય છે.આજે બહેનોને આ વ્યવસાય છોડવો છે પણ પુરક રોજી નથી સમાજનો અભીગમ સરાણીયાને મદદ કરવાનો નથી. કોઈ બહેન શોખથી આ ન સ્વીકારે પણ આ સમજવાની કોઈની તૈયારી નથી.'' ભરત ગુંથણ તથા હીરા ઘસવાના કામમાં બહેનો કુશળ થઈ છે પરંતુ, તેમની પાસે કામ નથી સંસ્થાના પ્રયત્નથી જે હીંમત બંધાઈ હતી તે સંસ્થા જવાથી તુટી જશે તેવું વાડીયા વાસીઓને લાગે છે.ગામના સુરેખા બહેન જણાવે છે કે, ''સરકારના ઘણા માણસોએ વાડીયાની મુલાકાત લીધી સૌ આ ધંધો છોડી દેવા આગ્રહ કરે છે, જાણે અમને શોખ થતો હોય આવી જીંદગી જીવવાનો.કોઈ અમારી નજરે જોવાજ તૈયાર નથી. અમારી તો ગઈ પણ બાળકોની જીંદગી સુધરે એ માટે અમારે સુધરવું છે.''

વીચરતા સમુદાયના ઉત્થાન માટે 'વીકસતી જાતી કલ્યાણ ખાતુ' કાર્યરત છે.ખાતાના નીયામક કે. જી. વણઝારાએ વાડીયાની અનેક વખત મુલાકાત લીધી.પાણીના બોરવેલ શરુ કરવાના વાયદા પણ કર્યા.છતાં આજ સુધી તે બંધ હાલતમાં જ છે.કેન્દ્ર સરકાર દ્વારા વીચરતા-વીમુક્ત સમુદાયના ઉત્કર્ષ માટે નીમાયેલા પંચે પણ વાડીયાની મુલાકાત લીધી હતી પંચે રાજ્ય સરકારને વાડીયાવાસીઓને ધંધો રોજગાર મળે તે માટે તથા બોરવેલ શરુ કરવા માટે તાત્કાલીક પગલાં લેવા જણાવ્યું હતું. શ્રી વણઝારાએ મહીનામાં બોરવેલ તથા રોજગાર આપવાનુ વચન આપ્યું હતું. પંચની મુલાકાતને પણ વર્ષ થઈ ગયું ! આ વર્ષે વાડીયામાં સરકારી સહાયથી ૮૦ મકાન બાંધવાનું ખાતા એ મંજુર કર્યુ છે. વડા ગામની પંચાયતમાં ચુંટાયેલા શ્રી રમેશભાઈ આ અંગે જણાવે છે કે,''હાલમાં ઘર એ અમારી પ્રાથમીક જરુરીયાત નથી ખેતીમાં સીંચાઈ થશે તો ઘર જાતે ઉભા કરીશું. હાલમાં મજુરી માટે કોઈ બહાર જતુ નથી જો ગામમાં જ નાનુ મોટુ કામ મળે તો અમારી જીંદગી સુધરી જાય. પાંચ-સાત વરસ પછી આજુ બાજુના ગામમાં મજુરીયે જઈશું કદાચ લોકો અમારો ભુતકાળ ભુલી અમને અપનાવી ને.''

જીવન ટકાવી રાખવા માટે જરુરી મદદ મળે તો બહેનો આ વ્યવસાય છોડી માનભેર જીવી શકે. સાથે સાથે સમાજનો તેમના પ્રત્યેનો દ્દષ્ટીકોણ બદલાય અને તેમનો સ્વીકાર પણ થાય.

**૧૯૯૯માં વાડીયામાં પ્રાથમીકશાળા શરુ થઈ. બાળકો શીક્ષણ લેતા થયા. વધુ શીક્ષણ માટે વડાગામની નીશાળમાં બાળકો જવા માંડ્યા. પરંતુ, ગ્રામજનો તથા સહઅધ્યાયી તેમને ચીડવતા. પરીણામે બાળકોએ આગળ ભણવાનું પડતું મુક્યું.**

વાડીયાગામમાં 'ગુજરાત સર્વોદય મંડળ' તથા 'જનપથ'ના કાર્યકરો અને 'શૈશવ' સંસ્થાના બાલદોસ્તો મળી કુલ ૧૫ વ્યક્તી ત્રણ દીવસ રાકાયા. વાડીયામાં પહેલીવાર ગ્રાહક સીવાયના કોઈ આ રીતે રોકાયા હતા. રોજ જુદાજુદા બહેનની ત્યાં જમવાનું. શૈશવ સંસ્થાના બાલદોસ્તો ગામના બાળકો સાથે વીવીધ પ્રવૃતી કરતા. જેના લીધે એક અલગ પ્રકારનું માહોલ ઉભુ થયું ઘણા બાળકોએ બહાર ભણવા જવાની વાત કરી. વાલીઓએ પણ ગામની પ્રાથમીકશાળામાં બાળકોને શીક્ષણને લગતું સાનુકુળ વાતાવરણ મળતું નથી તેવી ફરીયાદ કરી. ગામમાં કે ઘરમાં આવતા ગ્રાહકોની બધી ગતીવીધી પાંચ વર્ષનું નાનું બાળક સમજે. ગ્રાહક ક્યારેક બાળકને પાંચ કે દસ રુપીયા આપે તેનાથી તે રાજી થાય અને ઘરે આવતો નાવડો (ગ્રાહક) તેને ગમવા લાગે. ગામમાં અવારનવાર જતા આ બાબત ધ્યાને આવી. વળી, ગામની નીશાળમાં ભણાવતા શીક્ષકોને આ ગામમાં આવવું ગમતું નહીં. જેના લીધે તેઓ આ બાળકોને ક્યારેય રસપુર્વક ભણાવે  નહીં. છઠ્ઠા ધોરણમાં ભણતા બાળકને વાંચતા-લખતા ન આવડે તેવું પણ ધ્યાને આવ્યું. આખી પરીસ્થીતી જોતા આ બાળકોને ગામથી દુર તેમની માટે લાગણી ધરાવતા હોય તેવા સંચાલકોની શાળામાં દાખલ કરાવવાનું નક્કી કર્યું. સરકાર સંચાલીત આશ્રમશાળામાં પણ પ્રયત્નો કર્યા પરંતુ, શાળાના સંચાલકોને વાડીયા ગામની સુગ છે. તેઓને આ બાળકો પોતાની શાળાનું વાતાવરણ બગાડી નાખશે તેવો ભય છે. આખરે 'યોગાંજલી આશ્રમ સીદ્ધપુર'માં તથા મડાણાગઢમાં અનુક્રમે ૧૮ અને ૭ બાળકોને દાખલ કરાવ્યા. જે માટે 'ગુજરાત સર્વોદય મંડળે' પોતાનો આર્થીક સહયોગ આપવાની તૈયારી બતાવી છે.

ગામમાં મંચ સાથે જોડાયેલા કાર્યકરોનું જવું ત્યાં આવતા ગ્રાહકો તથા  સ્થાપીત હીત ધરાવતા વ્યક્તીઓને ગમે નહીં. અવારનવાર ગ્રામજનોને કાર્યકરો વીરુદ્ધ ભડકાવવાનું તેમની કાનભંભેરણી કરવાનું ચાલુ રહે. બાળકોને શાળામાં દાખલ કરાવી વાલીઓ ગામમાં પહોંચ્યા. ગામમાં રોજ નવી અફવા ફેલાય. ગામની નીશાળના શીક્ષકો પણ ગ્રામજનોને ભડકાવે. શીક્ષકને ડર બધા બાળકોનો દાખલો શાળામાંથી કઢાવી લેવાશે તો તેની નોકરી જોખમમાં મુકાય તેનો હતો.

આશ્રમશાળામાં બાળકોની કીડની કાઢી લેવાશે વગેરે જેવી અફવા ગામમાં ફેલાવવામાં આવી. થોડો સમય વાલીઓ ધીરજ ધરી બેઠા. પરંતુ ધીરજ ખુટતા ઘણા બાળકોના માતા આશ્રમશાળામાં પહોંચી ગયા અને બાળકોને ઘરે પરત લઈ આવ્યા. આજે 'યોગાંજલી આશ્રમ સીદ્ધપુર'માં આઠ બાળકો છે. ફરી પાછા અન્ય  વાલીઓ સીદ્ધપુરમાં બાળકો મુકવા તૈયાર થયા છે.

૩૦ ઑગસ્ટ સુધી બાળકોને આશ્રમશાળામાં દાખલ કરાવવાનો પ્રયત્ન કરીશું.

ચુંવાળીયા કોળી, ઓડ, નાયક, નટ, બજાણીયા, રાવળ, દેવીપુજક સમુદાયના ઘણા બાળકોને વીવીધ આશ્રમશાળામાં દાખલ કરાવ્યા. ઉપરોક્ત સમુદાયના બાળકો સ્થાઈ વસાહતમાં રહે છે. હા, માતા-પીતા અથવા પરીવારનું કોઈ એક વ્યક્તી ચોક્કસ સમય માટે સ્થળાંતર કરે છે તેમ છતાં શીક્ષણ પ્રત્યેની જાગૃતતા તેઓમાં ઘણી છે. આ સમુદાયના બાળકોને જ્યાં દાખલ કરાવ્યા ત્યાં તેઓ વ્યવસ્થીત રીતે ગોઠવાઈ ગયા છે.

**- વીચરતા સમુદાય સમર્થન મંચ**

## 'વીચરતા સમુદાય સમર્થન મંચ' દ્વારા

# વીચરતા સમુદાયના બાળકોને શાળામાં દાખલ કરવા ઝુંબેશ હાથ ધરાઈ

દેશના બંધારણમાં પ્રાથમીક શીક્ષણ દરેક બાળકને ૧૯૬૦ સુધીમાં ઉપલબ્ધ બને તેવી જોગવાઈ કરી હતી. જે આજ દીન સુધી પુરી થઈ શકી નથી. એન.ડી.એ. સરકારના સમયમાં સંસદે ૯૩મો બંધારણીય સુધારો કરીને કલમ ૨૧'અ'નો ઉમેરો કર્યો હતો. જેને રાષ્ટ્રપતી શ્રી કલામે મંજુરી આપતાં પ્રાથમીક શીક્ષણ બંધારણીય મુળભુત અધીકાર બન્યો. તેમ છતાં આજે દેશનાં લાખો બાળકો આ અધીકારથી વંચીત છે. ગુજરાતમાં ૫૦ લાખ ઉપરાંત વસતી ધરાવતા વીચરતા અને વીમુક્ત સમુદાયના બાળકોને ચાલુ શૈક્ષણીક સત્રમાં શાળામાં દાખલ કરાવવાનું કામ 'વીચરતા સમુદાય સમર્થન મંચે' હાથ ધર્યું. જેના ભાગરુપે ૨૦૦ જેટલા બાળકોને છાત્રાલયની સુવીધાવાળી શાળાઓમાં દાખલ કરાવ્યા.

વીચરતા અને વીમુક્ત સમુદાયો પોતાના પરંપરાગત વ્યવસાયના આધારે નભતા અને તેના ભાગરુપે વીચરણ કરતા તેમનું વીચરણ અટકે તો જીવન અટકે તેવી તેમની સ્થીતી હતી. સતત વીચરણના કારણે મોટાભાગનાનું ક્યાંય સ્થાઈ ઠેકાણું ન મળે. જેના લીધે બાળકો પણ શાળામાં જઈ શકે નહીં. જ્યાં આ સમુદાયો સ્થાઈ થયા છે ત્યાંના બાળકો શાળામાં જતા થયા છે પરંતુ, આર્થીક પરીસ્થીતી નબળી હોવાના કારણે બાળકો ઉચ્ચ અભ્યાસ કરી શક્તા નથી. કદી શાળામાં ન ગયેલા બાળકો તથા આર્થીક સ્થીતીને ધ્યાને લઈ શાળા છોડાવવાનું વીચારતા વાલીઓ સાથે મળી બાળકોને સરકાર સંચાલીત આશ્રમશાળા કે ખાનગી ટ્રસ્ટ સંચાલીત છાત્રાલયની સુવીધાવાળી શાળામાં મુકવાનું નક્કી કર્યું. શીક્ષણનું મહત્ત્વ વાલીઓ પણ સમજ્યા છે. તેઓએ પણ આ પ્રક્રીયામાં સહયોગ આપ્યો.

સીમરખોપુ કરી આજીવીકા રળતા ડફેર સમુદાયના ૬૦ જેટલા બાળકોને સરકાર સંચાલીત 'બક્ષીપંચ આશ્રમશાળા' લાકરોડા, શીયાળ, 'વૃંદાવન' તથા 'ખેતવીકાસ પરીષદ' સંચાલીત આશ્રમશાળા શીયાળમાં મુક્યા. રાજા રજવાડાંના વખતમાં ડફેરનો ઉપયોગ રાજાઓ પડોશી રાજ્યમાં ચોરી-લુંટફાટ કરાવવા કરતા. આમ તેમની મંથરાવટી મેલી. સમાજે આ સમુદાયને પોતાનાથી હંમેશાં અળગો રાખ્યો. આમ અન્ય સમાજ સાથે તેઓ ક્યારેય ભળ્યાં નહીં. મુખ્ય ગામથી દુર સીમમાં ખુલ્લામાં ડફેર પરીવારો રહે. ટાઢ-તડકો અને વરસાદને સહન કરવાની શક્તી કુદરતે તેમને આપી. ખુબ દરીદ્ર પરીસ્થીતીમાં જીવતા આ સમુદાયના બાળકોને પહેરેલા કપડે વાલી આશ્રમશાળામાં મુકી ગયા. આ બાળકો અન્ય બાળકોથી જુદા તરી આવે. રોજ સ્નાન કરવાનું સમયસર ઉઠવાનું, જમવાનું તેમના સ્વભાવમાં નહીં. વળી, પલાંઠી વાળી ભણવા બેસવું એ તો એથીયે અઘરું.

સવારના દુધ સાથે નાસ્તો, બપોરે અને સાંજે પાકુ ભાણુ મળતું હોવા છતાં આ બાળકોને આ વાતાવરણ ગમતું નહોતું. એમને પુછીએ કે ફાવે છે ? ત્યારે કહે 'અહીં સુખ નથી આવતુ'. શીયાળ બક્ષીપંચ આશ્રમશાળાના સંચાલક શ્રી વીઠ્ઠલભાઈએ આ બાળકોને આશ્રમશાળાનું વાતાવરણ અનુકુળ આવે તે માટે શક્ય પ્રયત્નો કર્યા. જેના લીધે થોડા બાળકોને શાળાનું વાતાવરણ ગમવા લાગ્યું. જ્યારે થોડાએ ઘરે જવાની જીદ પકડી.ઘણા એ રડવાનું તો કેટલાકે ચુપચાપ બેસી રહેવાનું શરુ કર્યું. લાકરોડા તથા વૃંદાવન આશ્રમશાળામાં મુકેલા વાલીઓને પણ બાળક વગર ગમે નહીં. બાળકોને શાળામાં મુકે બે-ચાર દીવસ માંડ થયા હશે ત્યાં તો વાલીઓ શાળામાં પહોંચી ગયા. બાળકોએ વાલીને જોઈ રડવાનું શરુ કર્યું. છેવટે વાલીઓ ૧૮ બાળકોને ઘરે પરત લઈ ગયા.

'ખેતવીકાસ પરીષદ' સંચાલીત આશ્રમશાળામાં ડફેર સમુદાયના નવ બાળકોને મુક્યા હતા. આ બાળકોને પણ શાળામાં ફાવે નહીં. બપોરે ઝાડ નીચે જઈ બાળકો સુઈ જાય તો આશ્રમશાળાના સંચાલક મનોજભાઈને ચીંતા થાય. બાળકો તેમને ફાળવેલા રુમમાં પંખા નીચે સુઈ જાય તે માટે તેમણે બાળકોને સમજાવ્યા. છેવટે કોઈ ઉપાડી જશે તેવી ધમકી આપી. આવું દરરોજ કરવું પડે. આ બાળકોને કપડાં તથા અન્ય જરુરી ચીજો આપવા ગયા ત્યારે બાળકોએ કહ્યું અમને બહાર સુવા દેતા નથી. ટુંકમાં આ બાળકો ક્યારેય પંખા નીચે કે ચાર દીવાલો વચ્ચે સુવા કે રહેવા ટેવાયેલા નથી. આપણને લાગતી લુ તેમને ટાઢક આપનારો પવન લાગે. ડફેરની પોતાની બોલી છે. તેઓ હંમેશા પોતાની બોલીમાં જ વાતચીત કરે. ગુજરાતી ભાષાનો ઉપયોગ બહારના વ્યક્તી સાથે વાત કરવામાં જ કરે. ખેતવીકાસ પરીષદ સંચાલીત આશ્રમશાળામાં રહેતા ડફેર સમુદાયના બાળકોએ રાત્રે ગુજરાતી ભાષામાં ભુતની વાતો શરુ કરી. અડખે પડખે સુતેલા અન્ય બાળકો આનાથી ખુબ ડરી ગયા. આખી રાત ડરાવણું વાતાવરણ બની રહ્યું કોઈ બાળક રુમની બહાર પેશાબ કરવા ન જાય. ઘણાએ રાત્રે જ બીકના માર્યા રોકકડ શરુ કરી. માંડ માંડ વાતાવરણ થાળે પડ્યું.

વૃંદાવન તથા લાકરોડા સ્થીત બક્ષીપંચ આશ્રમશાળામાં મુકેલા ડફેરના બાળકોની સ્થીતી પણ ઉપર જણાવ્યા પ્રમાણે થઈ. આજે ૨૦ બાળકો આશ્રમશાળામાં રહ્યા છે. બાકીના ડંગે પરત ફરી ગયા.

આખી પરીસ્થીતી જોયા પછી લાગે છે કે, ડફેર અને તેમના જેવી અન્ય વીચરતી-વીમુક્ત જાતીના બાળકોને સીધે સીધા આશ્રમશાળામાં દાખલ કરાવવું યોગ્ય નથી. આ બાળકોને શીક્ષણનું વાતાવરણ મળે તે માટે જુદા જુદા સમુદાયના બાળકો સાથે મુલાકાત કરાવવામાં આવે. તેમની વસાહતમાં જ પ્રવૃત્તી કેન્દ્ર ચલાવવામાં આવે તો કદાચ આ બાળકો આવતા શૈક્ષણીક સત્રમાં આશ્રમશાળામાં દાખલ થાય અને ત્યાં રહી જાય.

સરકાર દ્વારા ૦ થી ૬ વર્ષના બાળકોની સંખ્યા જે વસાહતમાં ૨૦ કે ૨૫ ઉપર હોય ત્યાં બાલવાડી કે આંગણવાડી કેન્દ્રો શરુ કરવામાં આવે છે. ગુજરાતમાં ૫૦થી ૧૦૦ કુટુંબોની વસતી ધરાવતી વીચરતી અને વીમુક્ત જાતીઓની વસાહતો ઘણી છે. પરંતુ, ખુબજ ઓછી વસાહતમાં સરકાર દ્વારા ઉપરોક્ત પ્રવૃત્તી ચાલે છે. સમાજની સાથે

સાથે સરકારે પણ આ સમુદાયો પ્રત્યે હંમેશાં ઓરમાયું વર્તન દાખવ્યું છે. બક્ષીપંચની ૧૪૪ જાતીઓમાં વીચરતી અને વીમુક્ત ૪૦ જાતીઓનો સમાવેશ થાય છે. ૧૪૪માંના ઘણા સમુદાયો સક્ષમ છે. પરંતુ, સત્તાલોલુપો આમાંથી એક પણ જાતીને બક્ષીપંચની યાદીમાંથી બહાર કાઢી શક્યા નથી. જેના લીધે છેવાડાના સમુદાયો તકવંચીત રહી જાય છે. વીચરતા અને વીમુક્ત સમુદાયમાં શીક્ષણનું પ્રમાણ નહીવત્ જેવું છે. આગામી વર્ષ દરમીયાન આ સમુદાયોમાં શીક્ષણ પ્રત્યે સભાનતા કેળવાય તે સંદર્ભે કાર્ય કરવાની મંચની પ્રાથમીક્તા છે. આ બાળકો સાથે કેવા પ્રકારની પ્રવૃત્તી કરી શકાય તે અંગે આપના સુચનો જનપથ કાર્યાલય પર મોકલી આપવા વીનંતી.

### આશ્રમશાળા / શાળામાં દાખલ કરેલા બાળકોની વીગત નીચે મુજબ છે.

| ક્રમ | કુલ બાળકો | | કુલ | આશ્રમ શાળા/શાળાનું નામ |
|---|---|---|---|---|
| | છોકરી | છોકરા | | |
| ૧. | ૭ | ૧૦ | ૧૭ | વૃંદાવન બક્ષીપંચ આશ્રમશાળા, હીંમતનગર, સાબરકાંઠા |
| ૨. | ૧ | ૬ | ૭ | ભાલ નળકાંઠા પ્રાયોગીક સંઘ સંચાલીત આશ્રમ શાળા, મુ. રામપુરા તા. દેત્રોજ, અમદાવાદ |
| ૩. | ૦ | ૩ | ૩ | ઉત્તર બુનીયાદી વીદ્યાલય, મુ. ગુંદી જી. અમદાવાદ |
| ૪. | ૧૭ | ૭ | ૨૪ | બક્ષીપંચ આશ્રમશાળા મુ. શીયાળ, જી.અમદાવાદ |
| ૫. | ૦ | ૧૮ | ૧૮ | યોગાંજલી આશ્રમશાળા સીદ્ધપુર |
| ૬. | ૫ | ૨ | ૭ | ખેત વીકાસ પરીષદ સંચાલીત આશ્રમશાળા મુ. શીયાળ, જી. અમદાવાદ |
| ૭. | ૦ | ૭ | ૭ | લોકક્ષેત્ર લાકરોડા સંચાલીત આશ્રમશાળા જી. ગાંધીનગર |
| ૮. | ૦ | ૭ | ૭ | ગોપાલક છાત્રાલય હળવદ જી. સુરેન્દ્રનગર |
| ૯. | ૦ | ૭ | ૭ | બક્ષીપંચ છાત્રાલય વીરેન્દ્રગઢ, જી. સુરેન્દ્રનગર |
| ૧૦. | ૦ | ૩૦ | ૩૦ | સરકાર સંચાલીત આદર્શ નીવાસી શાળા જી. સુરેન્દ્રનગર |
| ૧૧. | ૩ | ૪ | ૭ | રણદીપ સુર્યકુંડ આશ્રમશાળા ભાગપુર જી. સાબરકાંઠા |
| ૧૨. | ૦ | ૧૧ | ૧૧ | કુમાર છત્રાલય-સાગોડીયા જી.પાટણ |
| ૧૩. | ૭ | ૬ | ૧૩ | સરકારી પ્રાથમીક શાળા મુ.ટડાવ, જી. બનાસકાંઠા |
| ૧૪. | ૨૦ | ૧૨ | ૩૨ | સરકારી પ્રાથમીક શાળા પ્રાંતીજ, જી. સાબરકાંઠા |
| ૧૫. | ૪ | ૪ | ૮ | લાલ બોર્ડીંગ પ્રાંતીજ |
| **કુલ** | **૬૪** | **૧૩૪** | **૧૯૮** | |

### આશ્રમશાળામાં દાખલ કરાયેલા બાળકોને આપેલી વસ્તુની યાદી

ટંક, માથામાં નાખવાનું તેલ, નાહવાના તથા કપડાં ધોવાનાં સાબુ, સ્લેટ, પેન, પેન્સીલ, રબર, નોટબુક, કપડાં, ડોલ, ટબ્લર, કાંસકો, રુમાલ.

આશ્રમશાળામાં દાખલ કરાયેલા મોટાભાગના બાળકોના માતા-પીતાની આર્થીક સ્થીતી નબળી છે. જેના લીધે બાળકોને આશ્રમશાળામાં રહેવા માટે જરુરી સામાન પણ તેઓ આપી ન શકે. વળી સામાન સાથે બાળકને ભણવા મુકવા જવાનું કહીએ તો કોઈ વાલી તૈયાર ન થાય કારણ એક બાળકને રુા. ૫૦૦ની જરુરી નાની-મોટી ચીજવસ્તુ આપવી પડે. આ પરીસ્થીતીને જોતા 'જનપથ'ના સાથી સંગઠનોને જરુરી મદદ માટે અપીલ કરવામાં આવી. જેમાં **કચ્છમાં કાર્યરત 'કચ્છ નવનીર્માણ અભીયાન'** સંસ્થાના કાર્યકરોએ પોતાનો એક દીવસનો પગારના કુલ રુા. ૩૮,૮૭૫/- તથા **'ટી.ડી.એચ. પુના'** સંસ્થાએ રુા. ૩૦,૦૦૦ની મદદ કરી. **'અસાગ'** સંસ્થાએ ૨૦ સ્કુલ બેગ તથા **'સેડ્રા'** સંસ્થાએ ૧૦ નંગ સ્કુલ બેગ, ૨૦ સ્લેટ તથા ૨૦ ટબ્લર, ૪૦ પેન્સીલ-સંચા, ૧૦૦ પેન્સીલ-રબરની મદદ કરી. **આ મદદ માટે 'વીચરતા સમુદાય સમર્થન મંચ' તેમનો આભારી રહેશે.**

## ગુજરાતના વીકાસની સમસ્યાઓ અને સંભાવનાઓ અંગેનો દસ્તાવેજ

# ''એજન્ડા ફોર ગુજરાત'' અંતર્ગત વીવીધ જીલ્લામાં બેઠકો યોજાઈ

આજે ચોમેર વીશ્વાસની કટોકટીનું વાતાવરણ સર્જાયું છે. જનતાને સરકાર પર વીશ્વાસ નથી રહ્યો. સીવાય કે યેનકેન પ્રકારે મેળવેલા મતોને વીશ્વાસનો માપદંડ માની લઈએ. જનતાને રાજકીય પક્ષ પર પણ વીશ્વાસ નથી રહ્યો. વહીવટી તંત્ર પર તો ખુદ શાસક પક્ષને વીશ્વાસ છે કે કેમ ? તે શંકા છે. આયોજન પર પણ વીશ્વાસ ઘટતો ચાલ્યો છે. કારણ આર્થીક આયોજન અને આર્થીક વીકાસના જંગી કાર્યક્રમોમાંથી નીપજેલા ફળનો એક નામનો અંશ માંડ સમાજના આર્થીક માળખાના છેલ્લા માનવી સુધી પહોંચ્યો છે અને બીજી બાજુ આર્થીક વીષમતાઓ નીચે એ દબાયે જાય છે. આ પરીસ્થીતીમાં લોકશાહી માટે જેના થકી અને જેના દ્વારા છે તે નાગરીકે પોતાના અધીકાર માંગવા જ રહ્યા.

સ્વાતંત્ર્યકાળની આ અંગેની જે તાલાવેલી હતી તે એકવીસમી સદીના આરંભે લગભગ નાશ પામી છે. સ્વરાજ પછી કોઈપણ દેશમાં રાષ્ટ્રની નવરચનાના કાર્યમાં પ્રજા હોંશે હોંશે હીસ્સેદાર બનવી જોઈએ. એ નવરચનાના તમામ કાર્યતંત્રમાં પ્રજા હીસ્સો લેવાને બદલે વીમુખ થતી જાય છે. Participation by the people (લોક સહયોગ)એ Participation by Politicians સત્તાકારણીઓના જેવી સ્થીતીમાં પલટાઈ ગયો છે. આવા વીશ્વાસના વાતાવરણમાં ધીમે ધીમે દેશનું આખુંયે અર્થકારણ અને સત્તાકારણ (રાજકારણ નહીં) સામાન્ય માનવી અને એના હીતથી વીમુખ થતું જાય છે.

ચોથી સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ ''એજન્ડા ફોર ગુજરાત''એ નામે એક પરીસંવાદ શ્રૃંખલા અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં યોજાઈ હતી. આ પરીસંવાદો પછી ગુજરાતના વીકાસની સમસ્યાઓ અને સંભાવનાઓ અંગેનો દસ્તાવેજ ''એજન્ડા ફોર ગુજરાત''ના નામે બે ભાગમાં પ્રસીદ્ધ થયો હતો જે આજે ગુજરાતમાં ભાગ્યે જ કોઈને યાદ હશે.

ભારતભરમાં અગાઉ કદાચ ક્યાંય થયો નહીં હોય એવો એ પ્રયોગ ગુજરાતના જાગૃત અને નીસ્બત ધરાવતા નાગરીકો દ્વારા કરાયો હતો. પ્રજાના પ્રશ્નોના તળ સુધી પહોંચીને પોતાની દૃષ્ટીએ આગામી ચુંટણી પછીના વર્ષોમાં ગુજરાતના વીકાસ માટેની કાર્યસુચી (અંગ્રેજીમાં એજન્ડા), ભાવી વ્યુહરચના ચોક્કસ અગ્રતાક્રમ સાથે તૈયાર કરવાનો આવો બૌદ્ધીક વ્યાયામ ગુજરાતમાં તો ૧૯૯૪માં સર્વપ્રથમ વખત જ થયો હતો, એ નક્કી .

પ્રદેશની જરુરીયાતોને, છેક છેવાડાના જણના હીતને નજર સમક્ષ રાખીને તૈયાર કરાવેલો એ એજન્ડા સમગ્ર ગુજરાતનો હતો. ગુજરાતના જનસામાન્યનો હતો. કોઈ પણ રાજકીય રંગવાળી સરકાર તેનો અમલ કરશે જ તેવી શ્રદ્ધા સાથે તૈયાર કરાયો હતો. પરંતુ એમ થયું નથી. નર્મદામાં ત્યાર પછીના લગભગ દોઢ દાયકા દરમીયાન ઘણાં પાણી વહી ગયાં છે. આથી નીષ્ણાતો, વ્યવસાયીકો, સમાજવીજ્ઞાનીઓ, કેળવણીકારો, પત્રકારો, કટારલેખકો અને સ્વયંસેવી સંગઠનોના કર્મશીલો ફરી એકવાર મળે અને વીષદ વીચારણાને અંતે ગુજરાતનો એજન્ડા પુનઃ એકવાર ઘડે તેવો પ્રયાસ કરવા વીચારાયું. જેની આગેવાની વીકાસ પરીષદે લીધી.

લાખો-કરોડો રુપીયાના મુડીરોકાણ 'સ્પેશીયલ ઈકોનોમીક ઝોન' (સેઝ)માં થઈ રહ્યા છે તેવી છાપ ઉપસે તે માટે તથા કથીત રોકાણના પ્રચાર માટે પ્રજાના પૈસાના આંધણ થાય છે તો બીજી બાજુ લઘુ ઉદ્યોગના ૮૦ હજાર એકમો બંધ થાય છે, આઠ લાખ ગુજરાતીઓ રોજગાર ગુમાવે છે. જેના પ્રચારના પડઘમ વગાડાતા રહે છે, એ 'એમ.ઓ.યુ.'નું હકીકતમાં થાય છે શુ? એ વીષે અંગ્રેજી - ગુજરાતી દૈનીકમાં ભાતભાતની ખબરો પ્રસીદ્ધ થતી રહે છે. તેથી નાગરીકોની ગુંચવણ વધતી રહે છે. રાજ્યનું સરેરાશ માથાદીઠ દેવું વધતું જાય છે અને ભાવ વધારો તેમજ મોંઘવારીનો આંક પણ ઉપરને ઉપર જતો જાય છે. જે નાગરીકોને અધીક મુંઝવે છે.

આવા સંજોગોમાં આવતી કાલના ગુજરાતી માટેનો એજન્ડા નક્કી કરવાની જવાબદારી નીસબત ધરાવતા નાગરીકો પોતે ઉઠાવી રહ્યા છે. આ એક આગવી પહેલ છે. સહીયારા ચીંતન દ્વારા ગુજરાતનો એજન્ડા નક્કી કરવામાં એ પ્રયોગનો નવેસરથી આરંભ થયો, જે અંતર્ગત રાજકોટ , ભાવનગર, પાલનપુર , વડોદરા, ભુજ અને અમદાવાદમાં ''એજન્ડા ફોર ગુજરાત''ની કાર્યક્રમ શ્રેણીઓ યોજાઈ ગઈ.

ચુંટણીના વર્ષમાં ગુજરાતના રાજકીય પક્ષો સમક્ષ નીસબત ધરાવતા નાગરીકોએ પોતાના મનની વાત મુકી છે. રાજ્યની સમસ્યાઓ અને સંભાવનાઓ અંગે મતદારોના મંતવ્ય મુજબની અપેક્ષીત કાર્યસુચી રાજકીય પક્ષોના ચુંટણી ઢંઢેરાઓમાં સામેલ કરવા માટે રજુ કરાશે. નવી દીશામાં નવી પહેલ કરવા માટે જાણીતા ગુજરાતનું આ એક વધુ નવતર કદમ હશે.

**- ગૌતમ ઠાકર (વીકાસ પરીષદ)**

**ગણતર સંસ્થાના નવા કાર્યાલયનું સરનામું**

**ગણતર**

**છેલ્લું ટેનામેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર,**
**પ્રભા કોલોની,**
**અંડરબ્રીજના ઉસ્માનપુરા છેડે,**
**ઉસ્માનપુરા,**
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩,**
**ફોન : (૦૭૯) ૨૭૫૪૨૬૮૧**

# અભીનંદન

## ‘અમેરીકન પબ્લીક હેલ્થ એસોસીએશન’ના વ્યવસાયીક આરોગ્ય અને સલામતી વીભાગ દ્વારા અપાતા આંતરરાષ્ટ્રીય એવોર્ડથી પી.ટી.આર.સી.ના શ્રી જગદીશભાઈને સન્માનીત કરાશે.

‘અમેરીકન પબ્લીક હેલ્થ એસોસીએશન’ના વ્યવસાયીક આરોગ્ય અને સલામતી વીભાગ દ્વારા અપાતો આંતરરાષ્ટ્રીય એવોર્ડ આ વર્ષે જગદીશભાઈ પટેલને આપવાનો નીર્ણય લેવાયો છે. એ.પી.એચ.એ.ના આ વીભાગના વડા પીટર ડડલીએ ઈમેઈલ દ્વારા આ સમાચાર આપ્યા છે. વ્યવસાયીક આરોગ્ય ઉપર કામ કરતા અમેરીકાના અધ્યાપકો, કાર્યકરો તેમજ કામદાર સંઘોના કાર્યકરો આ સંસ્થામાં જોડાયેલા છે. સંસ્થા દરવર્ષે આ ક્ષેત્રમાં જેમણે અગત્યનો ફાળો આપ્યો હોય તેમનું એવોર્ડ દ્વારા સન્માન કરે છે. એ રીતે એમના કામની કદર કરવામાં આવે છે.

બ્રીટનના વ્યવસાયીક આરોગ્યના ક્ષેત્રે કામદારો અને કામદાર સંઘો સાથે કામ કરતા અને ‘હેઝાર્ડ’ નામના માસીકના સંપાદક રોરી ઓનીલે આ એવોર્ડ માટે જગદીશભાઈ પટેલનું નામ સુચન કરેલું. એમના સુચનથી મેગી રોબીન્સ નામના કાર્યકર, જેઓ અગાઉ ‘હીસ્પેરીયન ફાઉન્ડેશન’(વ્હેર ધેર ઈઝ નો ડોક્ટર નામનું જાણીતુ પુસ્તક પ્રકાશીત કરનાર સંસ્થા) સાથે સંકળાયેલા અને એ.પી.એચ.એ.ના સભ્ય છે. તેમણે જગદીશભાઈ પટેલનું નામ એવોર્ડ માટે વીધીવત નોંધાવ્યું અને કામનો પરીચય આપ્યો. સુશ્રી રોબીન્સ વડોદરા આવી ગયા છે અને રુબરુ મુલાકાત લઈ કામ જોઈ ગયાં છે. હીસ્પેરીયન ફાઉંડેશન દ્વારા તૈયાર કપડાં સીવવાનું કામ કરતા કારીગરો માટે તૈયાર કરાયેલા પુસ્તકોમાં જગદીશ પટેલે રીવ્યુઅર તરીકે સેવા આપેલી.

સદર એવોર્ડ ૬ નવેમ્બરે વોશીંગ્ટન ડી.સી. ખાતે યોજાનાર સમારંભમાં એનાયત થશે.

શ્રી જગદીશભાઈ તથા પી.ટી.આર.સી. ટીમને જનપથ પરીવાર વતી અભીનંદન અને શુભેચ્છા.

# સંક્ષીપ્ત સમાચાર ....

- આંતરરાષ્ટ્રીય મજદુર દીન ૧લી મેના રોજ ‘નવી સમાજવાદી ચળવળ’ અને ‘જનસંઘર્ષ મંચ’ના નેજા હેઠળ રેલી યોજાઈ
- ‘ઉદ્યોગ કમીશનરની કચેરી’ અને ‘અગરીયા હીતરક્ષક મંચ’ના સંયુક્ત ઉપક્રમે અગર વીસ્તારમાં ચાલતી પાણી પુરવઠાની, શીક્ષણ તથા આરોગ્ય વીભાગની યોજનાઓના મુલ્યાંકન માટેની બેઠક યોજાઈ
- મોચા ગામના ખનન કાર્યના પરવાના રદ કરવા પોરબંદરમાં રેલી યોજાઈ
- વીકાસલક્ષી પ્રયત્નોનું ધ્યેય સમુદાયના લોકો સમર્થ બને તે જ હોઈ શકે તે ઉદ્દેશથી ‘કેર’ સંસ્થા દ્વારા સમુદાયના લોકોની આત્મશક્તી અને કોઠાસુઝને પ્રજવાળતી ‘‘આવો સમરથ બનીએ’’ ઝુંબેશ અવીરત ચાલુ રહે તે માટેનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.
- ‘માહીતી અધીકાર ગુજરાત પહેલ’ દ્વારા ધોરણ ૧૨ વીજ્ઞાન પ્રવાહના વીદ્યાર્થીઓ તેમની ઉત્તરવહીની પ્રમાણીત નકલ માહીતી અધીકારનો ઉપયોગ કરી મેળવી શકે તે માટે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

## ‘સમાચાર સંકલન’ના વાચક મીત્રો જોગ...

‘સમાચાર સંકલન’નો મુળ હેતુ સ્વૈચ્છીક ક્ષેત્રના સમાચારો અરસપરસ જાણવા તથા સંકલન કરી સૌને પહોંચાડવાનો છે. આવનારા દીવસોમાં ઉપાડવાના પડકારો ઘણા મોટા છે. જેનો સામનો સાથે મળી સમજણથી કરવો પડશે. આ માટે રાજ્યના ખુણે ખુણે આકાર લેતી નાનામાં નાની ઘટના ચળવળ અને પ્રયાસોની વાત બીજાઓ સુધી પહોંચાડવાનું માધ્યમ ‘સમાચાર સંકલન’ બને છે. આપ આપની પ્રવૃત્તીઓ અને કાર્યક્રમોનો સંક્ષીપ્ત અહેવાલ ‘જનપથ’ કાર્યાલય પર લખી મોકલશો. ‘સમાચાર સંકલન’ નીયમીત મેળવવા ઈચ્છતા મીત્રોએ આ અંક પ્રસીદ્ધ થયાના એક મહીનામાં પોતાનો અભીપ્રાય મોકલી આપવા વીનંતી.

એપ્રીલ-મેનો અંક પ્રસીદ્ધ કરી શક્યા નથી તે બદલ દીલગીર છીએ.


એપ્રીલ-મે-જુન

૨૦૦૭

અંક ૧૧૯

**સમાચાર સંકલન**

**સંપાદક :** મીત્તલ પટેલ
**મુદ્રક :** શીવમ્ સ્કેનો ઈફેક્ટ્સ
ફોન : ૯૮૨૪૬ ૮૩૭૦૬

**જનપથ કાર્યાલય :**
**બી-૩/૧-૨ સહજાનંદ ટાવર્સ,**
**જીવરાજપાર્ક, અમદાવાદ - ૫૧**
ફોન નંબર : ૨૬૮૨૧૫૫૩
ટેલી ફેક્સ : (૦૭૯) ૨૬૮૨ ૦૭૧૯
E - mail : janpath1ad1@icenet.net

ફક્ત મર્યાદીત વીતરણ અને શૈક્ષણીક હેતુ માટે જ
ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**બુક-પોસ્ટ**
**પ્રીન્ટેડ મેટર**